ક્રમાંક:મઉમશબ/શા.નિ/16528/562
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 26-7-2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી
તમામ

વિષય: બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની કાયમી નોંધણી અને ઇન્ડેક્ષ નંબર રદ ન થયેલ હોય તેવી શાળા પુન:શરૂ કરવા બાબત.

સંદર્ભ:- ૧. તા.૧૯/૦૬/૨૦૧૯ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૬૦૫(એ)/૨૦૧૯
૨. તા.૨૦/૦૭/૨૦૨૩ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૫૯૮/૨૦૨૩

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની કાયમી નોંધણી અને ઇન્ડેક્ષ નંબર રદ ન થયેલ હોય તેવી શાળા પુન:શરૂ કરવા બાબતે તા.૧૯/૦૬/૨૦૧૯ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૬૦૫(એ)/૨૦૧૯ માં સુધારો કરવા તા.૨૦/૦૭/૨૦૨૩ ની કારોબારી સમિતિમાં બાબત રજુ કરેલ હતી ઠરાવ ક્રમાંક: ૫૯૮/૨૦૨૩ થી નીચે મુજબનો સુધારો કરેલ છે.

તા.૧૯/૦૬/૨૦૧૯ ની કારોબારી સમિતિએ ઠરાવ ક્રમાંક: ૬૦૫(એ)/૨૦૧૯થી નીચે મુજબ ઠરાવ કરેલ હતો તા.૨૯/૦૬/૨૦૧૮ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૩૪૧/૨૦૧૮ નોન ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ઠરાવમાં સુધારો કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા અગાઉના ઠરાવ ક્રમાંક: ૩૪૧/૨૦૧૮માં, જે બિનઅનુદાનિત શાળાની કાયમી નોંધણી અને ઈન્ડેક્ષ નંબર રદ ન થયેલ હોય તે શાળા ગમે તે વર્ષે શાળા શરૂ કરવા રજુઆત કરે તો તેને જે સ્થળ પર શાળા શરૂ કરવા મંજુરી મળેલ હતી તેજ સ્થળ પર શરૂ થાય છે કે કેમ? તેની ચકાસણી કરીને હાલના નવી શાળા શરૂ કરવા માટેના જે ધારા ધોરણો છે તે પૂર્ણ થયા હોય તેઓ જિલ્લા શિક્ષણાધિકરીશ્રીનો અભિપ્રાય મેળવીને ચાલુ કરવા પાત્ર હોય તો બંધ કરેલ હોય ત્યારથી વર્ષ દીઠ રૂ.૩૫,૦૦૦/- ફી આપી ધોરણ-૯/ધોરણ-૧૧ ના મૂળ એકવર્ગથી શાળા શરૂ કરી શકશે અને ક્રમિક, વર્ગ વધારાના વર્ષ દીઠ રૂ.૧૫,૦૦૦/- ફી આપી ક્રમિક વર્ગ / વર્ગ વધારો શરૂ કરી શકશે તેમ ઠરાવવામાં આવ્યું હતુ.

ઉપરોક્ત ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુંમત્તે ઠરાવવામાં આવ્યું.

છેલ્લા ત્રણ(૦૩) વર્ષ કે તેથી ઓછા વર્ષથી બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા બંધ હોઈ તો જ નિયત દંડ ભર્યેથી શાળા પુન:શરૂ કરવાની કાર્યવાહી કરવાની રહેશે. શાળા ત્રણ(૦૩) વર્ષ કરતા વધુ સમયગાળાથી બંધ હોય તો શાળા પુન:જીવિત કરવાની રહેશે નહી

ઉક્ત બાબતે ધ્યાનમાં લેતા કોઇપણ બિન અનુદાનિત શાળા ત્રણ વર્ષ થી વધુ સમય ગાળાથી બંધ હોય તો તેવી શાળાની પુન:જીવીત કરવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે નહી તે ધ્યાને લેવા વિનંતી.

(એન.જી.વ્યાસ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ,
ગાંધીનગર.